# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

**બ્લોક નં .૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦, ગાંધીનગર**

## જાહેરાત ક્રમાંક: ૩૭૮/૨૦૨૫૨૬

(વેબસાઈટ એડ્રેસ : https://gsssb.gujarat.gov.in)

## PROVISIONAL ANSWER KEY (PAK) CUM RESPONSE SHEET તથા PAK અંગે વાંધા સૂચન બાબત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પ્રસિદ્ધ કરાયેલ જાહેરાત ક્રમાંક: ૩૭૮/૨૦૨૫૨૬ હેઠળ "ગુજરાત ગૌણ સેવા" વર્ગ–૩, (ગ્રુપ–A અને ગ્રુપ–B) સંવર્ગની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા (C.C.E.)ની પ્રાથમિક પરીક્ષા તા.૧૬/૦૯/૨૦૨૬ થી તા.૨૯/૦૯/૨૦૨૬ ના સમયગાળા દરમિયાન MCQ-CBRT (Computer Based Response Test) પદ્ધતિથી યોજવામાં આવેલ. આ પરીક્ષાની Provisional Answer Key cum Response Sheet નીચે દર્શાવેલ લીંક ઉપર મુકવામાં આવેલ છે. ઉમેદવારો આ લીંક ઉપર ક્લીક કરીને પોતાની પ્રોવિઝનલ આન્સર કી સાથેની રીસ્પોન્સશીટ ડાઉનલોડ કરી શક્શે. ઉમેદવારોને પ્રોવિઝનલ આન્સર કી સામે કોઈ વાંધા/સૂચન હોય તો ઉમેદવારે તે અંગેના જરૂરી આધાર–પુરાવા સાથે Online રજુઆત કરવાની રહે છે.

**લિંક :** https://cdn3.digialm.com/EForms/configuredHtml/32791/102137/login.html

પ્રોવિઝનલ આન્સર કી સામે વાંધા સૂચન કરવા અંગેની/Step-by-step ગાઈડ અને સૂચનાઓ નીચે મુજબ છે. જે ઉમેદવારોએ વાંધા/સૂચન દરમ્યાન અવશ્ય ધ્યાને લેવાની રહેશે.

1. પ્રસિદ્ધ કરેલ આન્સર કી ના જવાબ સામે ઉમેદવારને વાંધો હોય તો ઓનલાઇન વાંધા સૂચન **તા.૦૫/૧૦/૨૦૨૬ (૨૩:૦૦ કલાક) થી તા.૧૨/૧૦/૨૦૨૬ (૨૩:૫૫ કલાક) સુધી** કરી શકાશે.
2. પ્રસિદ્ધ કરેલ આન્સર કી ના જવાબ સામે ઉમેદવારને વાંધા હોય તો ઓનલાઇન વાંધા સૂચન કરવા ફરજીયાત છે. અન્ય કોઈ માધ્યમ દ્વારા રજૂ કરેલ વાંધા સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં.
3. ઉપર્યુક્ત વાંધા સૂચનો માટે ઉમેદવારોને ફક્ત અધિકૃત, પ્રમાણિત અને વિશ્વાસનિય દસ્તાવેજ આધારીત આધાર–પુરાવા જ રજૂ કરવા જણાવવામાં આવે છે.

   **આધાર–પુરાવા વગરના વાંધા–સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં**. તે જ રીતે ChatGPT, Gemini, Grok સહિતના AI આધારિત સાધનો, Google Search તથા અન્ય વેબસાઈટ્સ પરથી પ્રાપ્ત માહિતી, લિંક્સ મેળવીને રજૂ કરેલા સંદર્ભોને અધિકૃત આધાર–પુરાવા તરીકે માન્ય ગણવામાં આવશે નહીં કે ધ્યાને લેવામાં આવશે નહીં જેની નોંધ લેવા વિનંતી.
4. CBRT માં હાજર રહેલ ઉમેદવાર જ ઓનલાઇન વાંધા સૂચન રજૂ કરી શકે છે.
5. ઉમેદવાર એક કરતાં વધુ પ્રશ્નો માટે વાંધા/સૂચન રજૂ કરી શકશે.
6. ઉમેદવારે પોતાની **Provisional Answer Key cum Response Sheetમાં** દર્શાવેલ **Question ID પ્રમાણે વાંધા/સૂચન ઓનલાઇન સબમિટ કરવાના રહેશે.**

**તારીખ: ૦૫–૧૦–૨૦૨૬**
**સ્થળ: ગાંધીનગર**

**સચિવ**
**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**

## ❖ PROVISIONAL ANSWER KEY (PAK) CUM RESPONSE SHEET ડાઉનલોડ કરવા તથા PAK અંગે વાંધા સૂચનની માર્ગદર્શિકા: -

**Step 1:** નીચેની લિંક પર ક્લિક કરો .

https://cdn3.digialm.com/EForms/configuredHtml/32791/102137/login.html




**Step 2:** કન્ફરમેશન નંબર, જન્મ તારીખ અને ઈમેજ ટેક્ષ્ટ ટાઈપ કરી **Login** બટન પર ક્લિક કરશો એટલે નીચે મુજબની સ્ક્રીન ખુલશે.



**Step 3:** ઉમેદવાર દ્વારા Candidate Response પર ક્લીક કર્યા બાદ નીચે મુજબની સ્ક્રીન ખુલશે .




**Step 4: Click here to generate it** પર ક્લીક કરતાં નીચે મુજબની સ્ક્રીન ખુલશે .




ત્યારબાદ, **Print** પર ક્લીક કર્યા બાદ **save as pdf** કરવાથી **Provisional Answer key cum Response Sheet** ઉમેદવારના ડિવાઇસમાં સેવ થશે અને તે ફાઇલની પ્રિન્ટ પણ મેળવી શકાશે.

**Step 5:** વાંધા સૂચનો રજૂ કરવા માટે **Objection Form** પર ક્લીક કરવું .




**ત્યારબાદ +(સરવાળાના ચિહ્ન) પર ક્લિક કરતાં સૂચનાઓ દેખાશે. વાંધા સૂચનો રજૂ કરતાં પહેલાં સ્ક્રીન પર રજૂ થતી સૂચનાઓ વાંચી જવી.**



**Step 6: Form to Raise Objection** માં જરૂરી વિગતો ભરીને પોતાની **Provisional Answer key cum Response Sheet** માં દર્શાવેલ **Question ID** અને તેને સંબંધિત **Answer ID** પ્રમાણે વાંધા સૂચનો રજૂ કરવા .


FORM TO RAISE OBJECTION

Objection Form

Confirmation Number:*

Roll Number:*

Applicant Name:*

Subject Name:*

Test Date:*

Shift:*

Question ID:* --Select--

Language in which Question was answered:* --Select--

Type of Objection:* --Select--

Do you want to add remarks?*

Yes No

Upload Supporting documents*

CLICK HERE TO UPLOAD

SUBMIT

ઉમેદવારે પોતાના મંતવ્ય અનુસારના જવાબ રજૂ કરવા **Form to Raise Objection** માં નીચે દર્શાવ્યા પ્રમાણે **Question ID** અને તેને સંબંધિત **Answer ID** અનુસારની વિગતો દર્શાવવાની રહેશે.


Section : Section A - Reasoning, Data Interpretation, Quantitative Aptitude

Q.1 નીચેના પ્રશ્નમાં એક પ્રશ્ન અને તેની નીચે આપેલા I અને II નંબરવાળા બે વિધાનોનો સમાવેશ થાય છે. તમારે નક્કી કરવું પડશે કે વિધાનોમાં આપવામાં આવેલ ડેટા પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતો છે કે કેમ. બંને વિધાન વાંચો અને જવાબ આપો.

પ્રશ્ન: નવા માણસનું વજન કેટલું છે?

વિધાન I: 20 પુરુષોનું સરેરાશ વજન 30 કિલો છે.

વિધાન II: એક નવો માણસ જૂથમાં જોડાય છે અને સરેરાશ વજન 32 થાય છે.

Ans
✗ 1. વિધાન II એકલું પૂરતું છે જ્યારે કે વિધાન I એકલું પૂરતું નથી
✗ 2. ન તો વિધાન I ન II પૂરતા છે
✓ 3. કાં તો વિધાન I અથવા II પૂરતા છે
✗ 4. વિધાન I એકલું પૂરતું છે જ્યારે કે વિધાન II એકલું પૂરતું નથી

Question ID : 630680509155
Option 1 ID : 6306801989916
Option 2 ID : 6306801989918
Option 3 ID : 6306801989917
Option 4 ID : 6306801989915
Status : Answered
Chosen Option : 4

Q.2 જો દરેક સંખ્યાની અંદર જ શતક અને દસકના અંકોની સ્થિતિને એકબીજા સાથે બદલવામાં આવે, તો નીચેનામાંથી કયો બીજી સૌથી મોટી સંખ્યાનો શતક અંક હશે?
732 549 618 427 935

Ans
✗ 1. 6
✓ 2. 3
✗ 3. 8
✗ 4. 5

Question ID : 630680509164
Option 1 ID : 6306801989953
Option 2 ID : 6306801989951
Option 3 ID : 6306801989952
Option 4 ID : 6306801989954
Status : Answered
Chosen Option : 3

**Step 7:** જો કોઈ ઉમેદવારને કોઈ **Question ID** માં એક કરતાં વધુ જવાબ સાચા છે, તેવી રજૂઆત કરવી હોય તો તે **Type of Objection** માં જઈને તે વિકલ્પ પસંદ કરીને રજૂઆત કરી શકશે .




તમારી રજૂઆત ના સંદર્ભ માં પુરાવા તરીકે પુસ્તકનું નામ, પૃષ્ઠ નંબર, લેખકનું નામ, પ્રકાશકનું નામ / સરનામું, પ્રકાશનનું વર્ષ દાખલ કરો. ત્યાર બાદ 400 kb ની મર્યાદામાં વંચાય તેવી સ્પષ્ટ PDF/JPG/ JPEG ફાઇલ આધાર પુરાવા તરીકે અપલોડ કરો અને છેલ્લે સબમીટ કરવું. ઉમેદવાર વધુમાં વધુ ત્રણ ડોક્યુમેન્ટ આધાર પુરાવા તરીકે અપલોડ કરી શકશે.

